**વડીલોને વંદન**

**અભિનંદન**



યતિન્દ્ર કે. ભટ્ટ
(૧૯૫૧) મો.૯૪૨૭૦૫૧૧૭૯

# વાસણભાઈ આહીરને કુટિર ઉદ્યોગ અને છત્રસિંહને પુરવઠા વિભાગ

ગાંધીનગર, તા. ૧

રાજ્યમંત્રી મંડળનું વિસ્તરણ કરીને નવા ૬ રાજ્યકક્ષાના મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યા બાદ નવા ૬ મંત્રીઓને ખાતાઓની ફાળવણી કરવામાં આવી છે. જેમાં કચ્છીમાડુ અને રાજ્યકક્ષાના મંત્રી વાસણભાઈ આહીરને કુટીર ઉદ્યોગ અને મીઠા ઉદ્યોગનો હવાલો સોંપવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજ્યકક્ષાના મંત્રીઓને કરેલ ખાતાઓની ફાળવણીમાં નજીવા ફેરફારો કરવામાં આવ્યા છે. જેમાં રાજ્યકક્ષાના મંત્રી ગોવિંદભાઈ પટેલ પાસેથી વન અને પર્યાવરણ ખાતુ પરત લઈને તેમને કૃષિ અને પાણી પુરવઠા વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો છે.

જ્યારે મંત્રીમંડળમાં સમાવેલ નવા રાજ્યકક્ષાના મંત્રી જશવંતસિંહ ભાભોરને વન અને પર્યાવરણ વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો છે.

આ ઉપરાંત રાજ્યકક્ષાના મંત્રી પ્રદિપસિંહ જાડેજા પાસેથી પ્રવાસન વિભાગ લઈને આ વિભાગ રાજ્યકક્ષાના મંત્રી જયેશ રાદડીયાને આપવામાં આવ્યો છે. આ ઉપરાંત નાગરિક ઉડ્ડયન વિભાગનો હવાલો પણ જયેશ રાદડીયાને આપવામાં આવ્યો છે.

જ્યારે રાજ્યકક્ષાના મંત્રી લીલાધરભાઈ વાઘેલા પાસેથી ગૌવસંવર્ધન પશુપાલન અને મત્સ્યોદ્યોગ જેવા ત્રણ વિભાગોનો હવાલો પરત લઈને રાજ્યકક્ષાના મંત્રી દિલીપભાઈ ઠાકોરને સોંપવામાં આવ્યો છે.

મંત્રીઓને કરાયેલી ખાતાની ફાળવણીમાં સૌથી વધુ મહત્વના અને વધુ ખાતાઓ રાજ્યકક્ષાના મંત્રી નાનુભાઈ વાણાનીને કરવામાં આવી છે. તેમને જળસંપત્તિ, શિક્ષણ પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ, રમતગમત યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ સોંપવામાં આવ્યા છે.

રાજ્યમંત્રી છત્રસિંહ મોરીને અન્ન અને નાગરીક પુરવઠા વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો છે.



## બાવીસ કડવા પાટીદાર સમાજ દ્વારા વિજ્ઞાન જાથાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧

ભારતમાં ૯૦ ટકા વૃદ્ધો અસ્તિત્વ ટકાવવા કામ કરે છે. વૃદ્ધોની તંદુરસ્તી બાબતમાં ભારતનો ક્રમાંક વિશ્વમાં ૮૫મો છે. ભારતમાં વૃદ્ધોની સમસ્યામાં આવકની સ્થિતિ નબળી કારણભૂત છે. વૃદ્ધોની સુખાકારીમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન, નાઈજીરીયા સૌથી ખરાબ છે. બાવીસી કડવા પાટીદાર સમાજનું જ્ઞાનવિજ્ઞાન સંમેલનમાં જાથાના ચેરમેન જયંત પંડ્યાએ જણાવ્યું હતું સમાજમાં અંધશ્રદ્ધાનું વળગણ છે. જેનાથી નુકશાન વધુ થાય છે. વિજ્ઞાનથી માનવી સુખી થયો છે.

## મંત્રીઓનો શપથવિધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચંદ્રસિંહજી પરમાર અને શ્રી જયેશકુમાર વિઠ્ઠલભાઈ રાદડીયાને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

આ શપથિવિધિ સમારોહમાં રાજ્યમંત્રીમંડળના સભ્યો, સ્વજનો, પદાધિકારીઓ, નગરજનો સહિત નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

રાજયપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ શપથવિધિ સંપન્ન થયા બાદ મંત્રીશ્રીઓને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

મુખ્ય સચિવ શ્રી ડૉ. વરેશ સિંહાએ શપથવિધિ સમારોહનું સંચાલન કર્યું હતું.

# ત્રીજીએ વિશ્વમાં અવકાશમાં કંકણાકૃતિ-ખગ્રાસ સૂર્યગ્રહણ

## જે દેશમાં ખગ્રાસની પરિસ્થિતિ હશે ત્યાં એક મિનિટ અને ૪૦ સેકન્ડ સુધી દિનમાં અંધારપટ જોવા મળે તેવી વકી

અમદાવાદ, તા.૧

વિશ્વના અનેક દેશોમાં રવિવારે આકાસમાં ખંડગ્રાસ, કંકણાકૃતિ અને ખગ્રાસ સૂર્યગ્રહણનો અદ્‌ભૂત નજારો આકાશમાં જોવા મળશે. ભારતમાં સૂર્યગ્રહણનો નજારો જોવા મળશે નહિં. જે દેશોમાં ખગ્રાસ સ્થિતિ છે ત્યાં ૧ મિનિટ અને ૪૦ સેકન્ડ દિવસે અંધારું જોવા મળશે. દક્ષિણ આફ્રિકા, કેન્યા, યુગાન્ડા અને દરિયાઈ પટ્ટી વિસ્તારોમાં વૈજ્ઞાનિકોએ પડાવ નાખી માનવ કલ્યાણ માટે સૂર્યનું અવલોકન કરી સંશોધનો કરવાના છે.

સંવત ૨૦૬૯ આશ્વિન કૃષ્ણ પક્ષ અમાસને રવિવાર ૩ નવેમ્બર, ૨૦૧૩ના તુલા રાશિ સ્વાતિ નક્ષત્રમાં થનારું સૂર્યગ્રહણ ભારતમાં દેખાવાનું નથી. પૂર્વ કેનેડા, દ.અમેરિકાનો ઉત્તરભાગ, એટલાન્ડીક મહાસાગર, દ.યુરોપ, આફ્રિકા, આરબદેશ, પૂર્વ અમેરિકામાં ખંડગ્રાસ સૂર્યગ્રહણ દેખાશે જ્યારે પશ્ચિમ હિન્દ મહાસાગર, એટલાન્ટીક મહાસાગર, મધ્ય આફ્રિકામાં કંકણાકૃતિ-ખગ્રાસ સૂર્યગ્રહણ બંને અવસ્થામાં જોવા મળશે.

ઉપરાંત દ.આફ્રિકા, પ્રજાસત્તાક રીપ ઓફ કોંગો, સોમાલીયા, ઈથોપીયા, કેન્યા, યુગાન્ડામાં જોવા મળશે. આ વિસ્તારોમાં દિવસે અંદારાનો લોકો અનુભવ કરશે. ખગ્રાસ સ્થિતિ ૧ મિનિટ ૪૦ સેકન્ડ સુધઈ વૈજ્ઞાનિકો સૂર્ય તેના કલંકો, ધાબાઓ, અસરકર્તા લાખો - કરોડો કિલોમીટરની સ્થિતિએ માનવકલ્યાણ માટે અવલોકન કરી નવાંગતુક સંશોધનો કરશે. વૈજ્ઞાનિકો અવકાશી કોઈ પણ ઘટના નિહાળવાનું ચુકતા નથી. વિજ્ઞાને બ્રહ્માંડના અનેક રહસ્યો ખોલી નાખ્યા છે. ભારતીય સમય અનુસાર ભૂમંડલે ગ્રહણ સ્પર્શ ૧૫ કલાક ૩૪ મિનિટ ૩૬ સેકન્ડ, ગ્રહણ સંમીલન ૧૬ કલાક ૩૫ મિનિટ ૨૦ સેકન્ડ, ગ્રહણ મધ્ય ૧૮ કલાક ૫૭ મિનિટ ૨૯ સેકન્ડ, ગ્રહણ ઉન્મીલન ૧૯ કલાક ૫૭ મિનિટ ૪૫ સેકન્ડ, ગ્રહણ મોક્ષ ૨૦ કલાક ૫૮ મિનિટ ૨૨ સેકન્ડ, આ ગ્રહણનું ગ્રાસમાન ૧.૦૧૬ અને મધ્ય સ્તંભન ૦૧ મિનિટ ૪૦ સેકન્ડ રહેશે.

**અદભૂત નજારો ભારતમાં જોવા નહીં મળે**

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વટાવી ચૂકેલા સભ્યો ૪૨ છે, આ કેટેગરીમાં આપણા મુખ્યમંત્રી અને વિધાનસભાના અધ્યક્ષ આવી જાય છે. સિનિયોરિટીની બાબતમાં બે ધારાસભ્યો સાત વખત ધારાસભ્ય બન્યા છે. આપણા પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલનો નવ ટર્મનો ઈતિહાસ છે. ૭૦ ધારાસભ્યો નવા ચૂંટાયેલા છે.

હવે બજેટ નહી વોટ ઓન એકાઉન્ટ....

લોકસભાની ચૂંટણી ૨૦૧૪??? આવી રહી છે. ભારતનું ચૂંટણી પંચ એપ્રિલના અંત કે મે મહિનાની ગરમીમાં તારીખ જાહેર કરી શકે છે, આ સંજોગોમાં ૨૦૧૪-૧૫??? સામાન્ય બજેટ આવશે નહી. ચાર મહિના માટે લેખાનુદાન એટલે કે વોટ ઓન એકાઉન્ટ લેવામાં આવશે. દિલ્હીમાં જે થશે તે ગુજરાતમાં પણ થવાની શક્યતા રહેલી છે, કારણ કે આ વખતે ચૂંટણી હોવાથી ગુજરાત સરકાર પણ સંપૂર્ણ બજેટ રજૂ કરી શકશે નહી. સચિવાલયના સૂત્રો એવું કહે છે કે ઓગષ્ટ-૨૦૧૩ સુધીમાં બજેટેડ જોગવાઈમાંથી સરકારના વિભાગોએ ૨૦ ટકાની અંદર ખર્ચ કર્યો છે. રાજયના ચીફ સેક્રેટરીએ નારાજગી દર્શાવી તમામ વિભાગોને એવી તાકીદ કરી છે કે બજેટમાં ફાળવાયેલી રકમ ઝડપથી ખર્ચાવી જોઈએ...

વેબસાઇટ અપડેટ નહી હોય તો આવી બન્યું સમજો....

ગુજરાત સરકારની વેબસાઈટની સંખ્યા ૧૭૫ જેટલી થવા જાય છે. આ વેબસાઈટ સમયસર અપડેટ કરવી તે વિભાગોની જવાબદારી હોય છે. એવું ધ્યાનમાં આવ્યું છે કે સરકારના કેટલાક વિભાગો તેમની વેબસાઈટ સતત અપડેટ કરતા નથી. હવે નવી ચેનલમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે જે વિભાગ વેબસાઈટ અપડેટ નહી કરે તે વિભાગને ઠપકો સાંભળવા મળી શકે છે.રાજયના સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટે એક સોફ્ટવેર ક્રિયેટ કર્યું છે જેમાં બેદરકાર રહેનાર વિભાગો પડકાઈ જશે. કોઈ વેબસાઈટ ૧૫ દિવસ સુધી અપડેટ નહી થઈ હોય તો તેના ચીફ ઈન્ફર્મેશન ઓફિસરને ઓટોમેટીક ઈમેઈલ મળી જશે. જો કોઈ વેબસાઈટ એક મહિના સુધી અપડેટ નહી થઈ હોય તો સેક્રેટરીને અને ત્રણ મહિના સુધી અપડેટ નહીં હોય તો રાજયના ચીફ સેક્રેટરીને ઈમેઈલ મળશે. વેબસાઈટના અપડેશનમાં બેદરકાર વિભાગો માટે આ ચેતવણી દર્શાવાઈ છે.

૫૦૦?? ૫૦૦૦ થયા છતાં ભાવ પૂછાતો નથી ....

એક સમય હતો જયારે સચિવાલય છૂટે એટલે અમદાવાદની કોઈ -સિદ્ધ મિલના કામદારો પાળીમાંથી છૂટ્યા હોય તેવો માહોલ સર્જાતો હતો. ૯૫ ટકા મિલ કામદારો સાયકલ ઉપર નોકરીએ આવતા હતા તેમ સચિવાલયમાં સાયકલના રીતસરના સ્ટેન્ડ ઉભા કરવામાં આવ્યા હતા. બ્રાન્ડેડ કંપનીની સાયકલની કિંમત તે સમયે ૩૦૦ થી ૫૦૦ રૂપિયાની આસપાસ હતી. સચિવાલયના પાર્કિંગમાં હજારોની સંખ્યામાં સાયકલ પાર્ક થયેલી જોવા મળતી હતી. આજે સાયકલ સ્ટેન્ડને શોધવા જવું પડે છે. હમણાં એક મુલાકાતી સાયકલ લઈને સચિવાલયમાં એન્ટર થયા, સલામતી રક્ષકોએ તેમની જડતી લીધી... પેલા ભાઈએ પૂછ્યું, અહી સાયકલ સ્ટેન્ડ ક્યાં છે તે મને કહેશો... રક્ષકે તેનો કોઈ જવાબ તો ન આપ્યો, પણ સવાલ સાંભળીને હસી પડ્યો... જયાં ઓઉડી, બીએમડબલ્યુ અને મર્સિડીઝ જેવી ગાડીઓ પાર્ક થતી હોય ત્યાં સાયકલ પાર્કિંગ કેવું...? !! આજે ૯૫ ટકા અધિકારીઓ અને કર્મચારીઓ પાસે પેટ્રોલ, ડિઝલ અને સીએનજીના વાહનો છે. ૫૦૦?? સાયકલના આજે ૫૦૦૦ રૂપિયા થઈ ગયા છતાં બિચારી સાયકલનો કોઈ ભાવ પૂછતું નથી...


**જાહેર નિવિદા નં. ૦૯ સને ૨૦૧૩-૧૪**

ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના તથા સિંચાઈ વિભાગના કોન્ટ્રાક્ટરોની યાદીમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાક્ટરો પાસેથી કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, હિંમતનગર, ફોન નંબર : (૦૨૭૭૨) ૨૪૧૬૫૧, સબજેલ સામે, હિંમતનગરની કચેરી દ્વારા મકાનને લગતા ૦૧ (એક) કામના ટેન્ડરો માંગવામાં આવે છે. સદરહુ કામની અંદાજીત કિંમત રૂ. ૪૯.૨૫ લાખ સુધીની છે. સદર કામના ટેન્ડરો તા. ૧૫-૧૧-૨૦૧૩ સુધી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી વેબસાઈટ www.nprocure.com ઉપર ડાઉનલોડ કરી શકાશે.

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૩૦૮/૨૦૧૩


## શબ્દાવલી - ૫૨૨૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | ૭ | ■ | ■ | |
| ૮ | | | ■ | ૯ | | ૧૦ | |
| ૧૧ | ■ | | | | ■ | | ■ |
| | ■ | | ■ | ■ | ૧૨ | | |
| ■ | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | | | ■ |
| ૧૬ | | ૧૭ | ■ | ૧૮ | | ■ | ૧૯ |
| ૨૦ | | | ■ | ૨૧ | | ■ | |

**આડી ચાવી**

૧. કમકમાટી (૪)
૪. કંકાશ, કકળાટ (૩)
૬. ખંજવાળ (૩)
૮. ચુડેલ, ડાકણ (૩)
૯. મેલજોલ, સારો મેળહોવો (૪)
૧૧. ઉદાસ, નિરાશ (૩)
૧૨. ઊંધુ (૩)
૧૪. મરઘો, કુકડો (૪)
૧૬. ચોર (૩)
૧૮. મકાન, હાઉસ (૨)
૨૦. કર્મ (૩)
૨૧. બોલવું તે, વાચા (૨)

**ઊભી ચાવી**

૧. આગ ઓલવનાર (૫)
૨. હાથથી વગાડાતુ તંબુરા જેવું સાધન (૫)
૩. ટપકુ, નાનો ચાંદલો (૨)
૫. બોજો ઉપાડનાર મજૂર (૩)
૭. લાલાશ (૩)
૧૦. મેળો, સંમેલન (૪)
૧૨. સીમંતનો પ્રસંગ (૪)
૧૩. સૂર્ય, રવિ (૩)
૧૫. રઘવાટ, ગભરાટ (૩)
૧૬. લાગ, મોકો (૨)
૧૭. દારૂની લત (૨)
૧૯. અધિકાર (૨)

**શબ્દાવલી ૫૨૨૧ના જવાબ**

**આડી ચાવી :-** (૧) પલીતો (૪) પરલોક (૬) રખડપટ્ટી (૮) ફોડ (૯) ચકરી (૧૧) ગલાલ (૧૨) રત (૧૨) (૧૪) કોપાયમાન (૧૬) કમલ (૧૮) વેરાવળ (૧૯) નરક (૨૧) જાર (૨૨) જાત

**ઊભી ચાવી :-** (૧) પરણેતર (૨) લીખ (૩) તોડફોડ (૪) પટ્ટી (૫) કપરી (૭) પડ (૯) ચલાયમાન (૧૦) કલમા (૧૧) ગપા (૧૩) તકરાર (૧૪) કોમળતા (૧૫) નજાકત (૧૭) લવ (૧૮) વેજા (૨૦) રજા


**WE WISH YOU A VERY HAPPY DIWALI & PROSPEROUS NEW YEAR***

KALPA-TARU®

**KALPATARU POWER TRANSMISSION LTD.**

REGD. OFF.: 101, PART-III, G.I.D.C. ESTATE, SECTOR - 28, GANDHINAGAR-382028.

**UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER, 2013** (₹ in Lacs)

| Sr. No. | Particulars | For Quarter Ended 30/9/2013 (Unaudited) | 30/6/2013 (Unaudited) | 30/9/2012 (Unaudited) | For Half Year Ended 30/9/2013 (Unaudited) | 30/9/2012 (Unaudited) | Year Ended 31/3/2013 (Audited) |
|---|---|---|---|---|---|---|---|
| | PART-I STATEMENT OF FINANCIAL RESULTS | | | | | | |
| 1 | Income from Operations | | | | | | |
| | (a) Net Sales/Income from Operations (Net of Excise duty) | 94,536 | 87,959 | 70,578 | 1,82,495 | 1,39,564 | 3,28,591 |
| | (b) Other Operating Income | 1,684 | 1,001 | 892 | 2,685 | 1,849 | 4,949 |
| | Total Income from Operations (net) | 96,220 | 88,960 | 71,470 | 1,85,180 | 1,41,413 | 3,33,540 |
| 2 | Expenses | | | | | | |
| | (a) Cost of materials consumed | 46,251 | 41,249 | 39,135 | 87,500 | 75,527 | 1,64,918 |
| | (b) Purchase of stock-in-trade | - | - | - | - | - | - |
| | (c) Changes in inventories of finished goods, Work-in-Progress and Stock-in-trade | 1,335 | (2,268) | (1,707) | (933) | (5,679) | (8,008) |
| | (d) Erection & Sub-Contracting Expenses | 22,172 | 24,362 | 15,946 | 46,534 | 33,269 | 85,508 |
| | (e) Employee Benefits Expense | 5,921 | 5,815 | 4,283 | 11,736 | 8,370 | 20,064 |
| | (f) Depreciation & Amortisation Expense | 1,734 | 1,590 | 1,261 | 3,324 | 2,465 | 5,225 |
| | (g) Other Expenditure | 11,428 | 10,604 | 7,473 | 22,032 | 16,302 | 38,850 |
| | Total Expenses : | 88,841 | 81,352 | 66,391 | 1,70,193 | 1,30,254 | 3,06,557 |
| 3 | Profit/(Loss) from Operations before Other Income, finance cost and Exceptional Items (1-2) | 7,379 | 7,608 | 5,079 | 14,987 | 11,159 | 26,983 |
| 4 | Other Income | 1,412 | 1,334 | 1,358 | 2,746 | 2,431 | 4,772 |
| 5 | Profit / (loss) from ordinary activities before finance cost and Exceptional Items (3+4) | 8,791 | 8,942 | 6,437 | 17,733 | 13,590 | 31,755 |
| 6 | Finance Costs | 4,100 | 3,825 | 2,568 | 7,925 | 5,711 | 12,201 |
| 7 | Profit / (Loss) from ordinary activities after finance cost but before Exceptional Items (5-6) | 4,691 | 5,117 | 3,869 | 9,808 | 7,879 | 19,554 |
| 8 | Exceptional Items | - | - | - | - | - | - |
| 9 | Profit / (Loss) from Ordinary Activities before Tax (7-8) | 4,691 | 5,117 | 3,869 | 9,808 | 7,879 | 19,554 |
| 10 | Tax Expense | 1,592 | 1,650 | 1,215 | 3,242 | 2,490 | 5,789 |
| 11 | Net Profit / (Loss) from Ordinary Activities after Tax (9-10) | 3,099 | 3,467 | 2,654 | 6,566 | 5,389 | 13,765 |
| 12 | Extraordinary Items (net of tax expense ₹ in lacs) | - | - | - | - | - | - |
| 13 | Net Profit (+) / Loss (-) for the period (11-12) | 3,099 | 3,467 | 2,654 | 6,566 | 5,389 | 13,765 |
| 14 | Paid Up Equity Share Capital (Face Value of ₹ 2/- each) | 3,069 | 3,069 | 3,069 | 3,069 | 3,069 | 3,069 |
| 15 | Reserve excluding Revaluation Reserves as per Balance sheet of previous accounting year | - | - | - | - | - | 1,81,534 |
| 16.i | Earnings Per Share (EPS) (before extraordinary items) (of ₹ 2 each) (not annualised) | | | | | | |
| | a) Basic | 2.02 | 2.26 | 1.73 | 4.28 | 3.51 | 8.97 |
| | b) Diluted | 2.02 | 2.26 | 1.73 | 4.28 | 3.51 | 8.97 |
| 16.ii | Earnings Per Share (EPS) (after extraordinary items) (of ₹ 2 each) (not annualised) | | | | | | |
| | a) Basic | 2.02 | 2.26 | 1.73 | 4.28 | 3.51 | 8.97 |
| | b) Diluted | 2.02 | 2.26 | 1.73 | 4.28 | 3.51 | 8.97 |
| 17 | Debt Equity Ratio | NA | NA | NA | 0.44 | 0.43 | 0.32 |
| 18 | Debt Service Coverage Ratio (DSCR) | NA | NA | NA | 1.82 | 1.75 | 2.18 |
| 19 | Interest Service Coverage Ratio (ISCR) | NA | NA | NA | 2.27 | 2.46 | 2.67 |
| | PART-II SELECT INFORMATION FOR THE QUARTER AND HALF YEAR ENDED 30/09/2013 | | | | | | |
| A | PARTICULARS OF SHAREHOLDING | | | | | | |
| 1 | Public Shareholding | | | | | | |
| | No. of Shares | 6,22,25,907 | 6,43,99,376 | 6,51,87,774 | 6,22,25,907 | 6,51,87,774 | 6,48,07,755 |
| | Percentage (%) of Shareholding | 40.55 | 41.97 | 42.48 | 40.55 | 42.48 | 42.23 |
| 2 | Promoters and Promoter Group Shareholding | | | | | | |
| | a) Pledge/Encumbered | | | | | | |
| | No. of Shares | 4,75,24,601 | 4,64,24,601 | 3,09,15,000 | 4,75,24,601 | 3,09,15,000 | 2,94,15,000 |
| | - Percentage of Shares (as a % of the total Shareholding of promoter and promoter group) | 52.09 | 52.13 | 35.02 | 52.09 | 35.02 | 33.18 |
| | - Percentage of shares (as a % of the total Share Capital of the Company) | 30.97 | 30.25 | 20.14 | 30.97 | 20.14 | 19.17 |
| | b) Non-encumbered | | | | | | |
| | No. of Shares | 4,37,10,062 | 4,26,36,593 | 5,73,57,796 | 4,37,10,062 | 5,73,57,796 | 5,92,37,815 |
| | - Percentage of Shares (as a % of the total Shareholding of promoter and promoter group) | 47.91 | 47.87 | 64.98 | 47.91 | 64.98 | 66.82 |
| | - Percentage of shares (as a % of the total Share Capital of the Company) | 28.48 | 27.78 | 37.38 | 28.48 | 37.38 | 38.60 |

| Particulars | 3 Months ended 30/9/2013 | Note: |
|---|---|---|
| | | 1. The above results were reviewed by the Audit Committee & recommended for approval of the Board & approved by the Board at their meeting held on 31st October, 2013. |

**SEGMENT WISE REVENUE, RESULTS AND CAPITAL EMPLOYED FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER, 2013** (₹ in Lacs)

| Sr. No. | Particulars | For Quarter Ended 30/9/2013 (Unaudited) | 30/6/2013 (Unaudited) | 30/9/2012 (Unaudited) | For Half Year Ended 30/9/2013 (Unaudited) | 30/9/2012 (Unaudited) | Year Ended 31/3/2013 (Audited) |
|---|---|---|---|---|---|---|---|
| A | Segment Revenue | | | | | | |
| | a) Transmission & Distribution | 89,057 | 82,262 | 63,334 | 1,71,319 | 1,24,458 | 2,95,693 |
| | b) Infrastructure EPC | 5,563 | 5,480 | 6,981 | 11,043 | 14,572 | 32,436 |
| | c) Others | 1,600 | 1,218 | 1,155 | 2,818 | 2,383 | 5,411 |
| | TOTAL | 96,220 | 88,960 | 71,470 | 1,85,180 | 1,41,413 | 3,33,540 |
| | Less: Inter Segment Revenue | - | - | - | - | - | - |
| | Net Sales / Income from Operations | 96,220 | 88,960 | 71,470 | 1,85,180 | 1,41,413 | 3,33,540 |
| B | Segment Results | | | | | | |
| | Profit (+) / Loss (-) before tax & Finance cost | | | | | | |
| | a) Transmission & Distribution | 8,669 | 8,305 | 5,101 | 16,974 | 10,964 | 27,097 |
| | b) Infrastructure EPC | (1,449) | (676) | 220 | (2,125) | 540 | (126) |
| | c) Others | 163 | 6 | (121) | 169 | (155) | 189 |
| | Total | 7,383 | 7,635 | 5,200 | 15,018 | 11,349 | 27,160 |
| | Less : Finance cost | 4,100 | 3,825 | 2,568 | 7,925 | 5,711 | 12,201 |
| | Add : Other un-allocable income net off un-allocable expenditure | 1,408 | 1,307 | 1,237 | 2,715 | 2,241 | 4,595 |
| | Total Profit Before Tax | 4,691 | 5,117 | 3,869 | 9,808 | 7,879 | 19,554 |
| C | Capital Employed [Segment Assets - Segment Liabilities] | | | | | | |
| | a) Transmission & Distribution | 1,55,676 | 1,45,758 | 1,41,487 | 1,55,676 | 1,41,487 | 1,23,724 |
| | b) Infrastructure EPC | 38,784 | 38,385 | 38,307 | 38,784 | 38,307 | 36,538 |
| | c) Others | 5,547 | 6,623 | 8,508 | 5,547 | 8,508 | 6,225 |
| | d) Unallocable | 74,555 | 74,394 | 68,130 | 74,555 | 68,130 | 77,745 |
| | TOTAL | 2,74,562 | 2,65,160 | 2,56,432 | 2,74,562 | 2,56,432 | 2,44,232 |

**Statement of Assets and Liabilities.**

| | Particulars | As at 30/9/2013 Unaudited | As at 31/3/2013 Audited |
|---|---|---|---|
| A | EQUITY AND LIABILITIES | | |
| 1 | Shareholders' Fund | | |
| | (a) Share Capital | 3,069 | 3,069 |
| | (b) Reserve and Surplus | 1,87,135 | 1,81,565 |
| | (c) Money received against share warrants | | |
| | Sub-total-Shareholders' funds | 1,90,204 | 1,84,634 |
| 2 | Share application money pending allotment | - | - |
| 3 | Minority Interest | - | - |
| 4 | Non-Current Liabilities | | |
| | (a) Long term borrowings | 10,622 | 15,261 |
| | (b) Deferred tax liabilities (net) | 702 | 1,181 |
| | (c) Other long term liabilities | 84 | 69 |
| | (d) Long term provisions | 6,197 | 6,692 |
| | Sub-total-Non-current liabilities | 17,605 | 23,203 |
| 5 | Current Liabilities | | |
| | (a) Short-term borrowings | 64,198 | 37,969 |
| | (b) Trade payables | 1,02,285 | 1,19,441 |
| | (c) Other current liabilities | 52,346 | 43,142 |
| | (d) Short-term provisions | 7,510 | 7,473 |
| | Sub-total-Current liabilities | 2,26,339 | 2,08,025 |
| | TOTAL -EQUITY AND LIABILITIES | 4,34,148 | 4,15,862 |
| B | ASSETS | | |
| 1 | Non-Current Assets | | |
| | (a) Fixed Assets | 57,095 | 53,865 |
| | (b) Non-Current investments | 33,397 | 33,392 |
| | (c) Long term loans and advances | 46,792 | 54,193 |
| | (d) Other non-current assets | 4,801 | 5,527 |
| | Sub-total-Non-Current assets | 1,42,085 | 1,46,977 |
| 2 | Current Assets | | |
| | (a) Current investments | 115 | 115 |
| | (b) Inventories | 44,485 | 44,397 |